ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે મોદીની દહેગામમાં જનસભા

## જિલ્લામાં આજે ભાજપ-કોંગ્રેસની સભાઓના આયોજન

## ડભોડામાં કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની સભા



ગાંધીનગર, તા. ૨૩

વિધાનસભાની ચૂંટણીઓમાં જાહેરસભાઓ થકી પ્રચાર અભિયાનનું પણ એક આગવુ આકર્ષણ હોય છે. જિલ્લામાં ૫ મી ડિસેમ્બરના રોજ યોજાનાર મતદાનને લઈ ચાલી રહેલા રોડ શૉ ના પ્રચાર અભિયાનની વચ્ચે આજે જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસની જાહેરસભાઓનું આયોજન કરાયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીજવર હજૂ જોઈએ તેવો જામ્યો નથી તો શહેરના મતદારો અકળ જોવા મળી રહ્યા છે.

આજે જિલ્લાના દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યુ છે. બપોરે ૧ વાગે યોજાનાર આ જાહેરસભાના આયોજનને આખરી ઓપ આપવામાં ભાજપના આગેવાનો વ્યસ્ત બન્યા છે તેમજ સંગઠનના માહિરો દ્વારા જિલ્લાની પાંચેય બેઠક પરથી વધુ ને વધુ લોકો આ જનસભામાં સામેલ થાય તેમાં વ્યસ્ત બન્યા છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની ગ્રામસભા આજે ગાંધીનગર (દ) બેઠકમાં ડભોડા ખાતે કરવામાં આવ્યુ છે. સાંજે ૫.૩૦ વાગે આ સભાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ સભામાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ મંગુબેન ચૌધરી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

દરમ્યાન દહેગામમાં વડાપ્રધાનની જનસભા પૂર્વે એક વિશાળ બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ભાજપે આજથી તેના પ્રચાર અભિયાનને આક્રમક બનાવ્યુ છે. આજે શહેરના વિવિધ માર્ગો પર ભાજપના યુવાઓની બાઈકરેલીએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ.

# સંનિષ્ઠ કાર્યકરોના અભાવે પેઈડ પ્રચારકોનુ જોર વધ્યુ

## શહેરી વિસ્તારના પછાત ગણાતા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી દૈનિક વેતનના આધારે ભીડ ભેગી કરાય છે : ઉમેદવારોનો ખર્ચ વધ્યો

ગાંધીનગર, તા. ૨૩

નવી સરકારની રચના માટે યોજાનાર વિધાનસભાની ચૂંટણીનો માહોલ હજુ સુધી જોઈએ તેવો જામ્યો નથી. સંનિષ્ઠ કાર્યકરોના અભાવે અને મતદારોના નિરસ વલણના કારણે દૈનિક ધોરણે વેતન આપી રાજકીય કાર્યક્રમોમાં ભીડ એકત્ર કરાઈ રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. લોકમુખે થઈ રહેલી ચર્ચાઓ અનુસાર એરીયાવાઈઝ ૩૦૦ થી ૮૦૦ રૂ.નું દૈનિક વેતન આપી પેઈડ જનમેદની એકઠી કરાય છે.

લોકશાહીના મહા ઉત્સવની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. ઉમેદવારો પોતાની જીત માટે ઉત્સાહી જોવા મળી રહ્યા છે. પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટેની ચૂંટણીમાં હવે માત્ર દસ દિવસ જેટલો જ સમય બાકી રહ્યો છે. ત્યારે સંનિષ્ઠ કાર્યકરોનો રીતસર અભાવ વર્તાઈ રહ્યો છે. ત્રણેય મોટા રાજકીય પક્ષો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. મતદારોનો ઉત્સાહ પણ ઠંડો હોઈ જાહેરસભાઓ અને રોડ શૉ માં કેવી રીતે મેદની એકત્ર કરવી તે પ્રશ્ન બધા જ પક્ષો માટે માથાનો દુઃખાવો બની ગયો છે. લોકમુખે થઈ રહેલી ચર્ચાઓ અનુસાર સ્ટાર પ્રચારકોના કાર્યક્રમો માટે પેઈડ જનમેદની એકત્ર કરવામાં આવી રહી છે. પચાસ-સો કાર્યકરોને બાદ કરતા જનસભાઓમાં ઉમટતી મેદની કોઈને કોઈ લાલચે આવા કાર્યક્રમોમાં જોડાય છે. મોંઘવારીના સમયમાં આવા પેઈડ પ્રચારકો એરીયાવાઈઝ મોં માંગ્યા દામ લઈ રહ્યા છે.

રેલી-સભામાં સ્થળ સુધી લાવવા-લઈ જવાની ટ્રાન્સપોર્ટેશન સુવિધા, એક ટંકનું જમવાનુ અને સાથે જ દૈનિક વેતનની માંગણી સાથે જનમેદની જનસભાઓમાં ઉમટે છે. ગ્રામ્ય વિસ્તારોમાં ૩૦૦ થી લઈને ૫૦૦ રૂ. સુધી અને શહેરી વિસ્તારોમાં ૫૦૦ રૂ. થી લઈને ૮૦૦ રૂ. સુધીનું મહેનતાણુ ચૂકવવામાં આવતુ હોવાની ચર્ચા છે. આવા ભાડૂતી માણસો એડવાન્સ લઈને જ કોઈપણ રાજકીય કાર્યક્રમોનો હિસ્સો બને છે. પ્રચાર અભિયાનને દમદાર બનાવવા ઉમેદવારોને મોટો ખર્ચ કરવો પડી રહ્યો છે.

વળી આવા પેઈડ કાર્યકરોને મેનેજ કરવા પણ કોઈ એજન્સીઓ કે પક્ષના વગદાર કાર્યકરની મદદ લેવાય છે. શહેરી વિસ્તારના પછાત ગણાતા વિસ્તારના યુવાનો, મહિલાઓ અને ગ્રામ્ય વિસ્તારના શ્રમિકો માટે તો આ ચૂંટણીનો અવસર આર્થિક ફાયદો મેળવવાનુ પર્વ બની ગયુ છે.

# જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમના રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરાઈ

## ૨૫મીથી ઈ.વી.એમ.માં બેલેટ લગાવવાની તેમજ ૧લી તારીખ પછી ડિસ્પેચીંગ કીટ તૈયાર કરવાની કામગીરી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી હોવાથી તંત્રએ પણ તેની કામગીરી વેગીલી બનાવી છે. ગાંધીનગર (દ) અને ગાંધીનગર (ઉ) વિધાનસભા બેઠક માટે આજે ઈ.વી.એમ.નું રેન્ડેમાઈઝેશન પૂર્ણ કરવામાં આવ્યુ છે.

વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ જિલ્લાતંત્રએ રેન્ડમાઈઝેશન કરી વિધાનસભા મત વિસ્તાર દીઠ ઈ.વી.એમ.ની ફાળવણી કરી હતી. હવે ચૂંટણી અધિકારીઓએ પુનઃ ઈ.વી.એમ.નું રેન્ડમાઈઝેશન કરી કયા બુથમાં કયુ ઈ.વી.એમ. જશે તે કાર્યવાહી પુરી કરી છે.

ગઈકાલે માણસા વિધાનસભાનું રેન્ડમાઈઝેશન ઈ.વી.એમ.નું પૂર્ણ કરાયુ હતુ. આજે ગાંધીનગર (ઉ) અને (દ) બેઠકનું પુરૂ થયુ છે. કાલે કલોલમાં આ રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ પર લેવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બેલેટ પેપર છપાઈને આવી ગયા છે અને હવે ઈ.વી.એમ. કમીશનીંગની કામગીરી ૨૫મીથી હાથ ધરવામાં આવશે. આ કામગીરી બે દિવસથી ૩ દિવસ સુધી ચાલશે.

ઈ.વી.એમ. કમીન્સીંગની કામગીરીને લઈ ભેલના ઈજનેરોની ટીમ પણ આવી પહોંચી છે. તેમની હાજરીમાં આ કામગીરી સંપન્ન થશે. દરેક વિધાનસભા વિસ્તારમાં બે-બે ઈજનેરોની ટીમ જશે.

તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ઈ.વી.એમ. તૈયાર થઈ ગયા બાદ તે ૪ તારીખે રવાના કરવાના થશે ત્યારે જ સ્ટ્રોંગ રૂમમાંથી બહાર લાવવામાં આવશે.

૧લી તારીખ પછી ડિસ્પેચીંગ કીટ તૈયાર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવશે. જે પોલિંગ પાર્ટીઓને આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૩૫૨ બુથ છે અને તેટલી કીટો તૈયાર કરવામાં આવશે. તંત્ર દ્વારા હાલ તો આ કીટ માટેની વસ્તુઓને એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે.

# પંચાયત અધિનિયમની જોગવાઈઓ પર આચારસંહિતાનો અમલ ભારે પડ્યો

ગાંધીનગર, તા.૨૩

પંચાયત અધિનિયમની જોગવાઈઓ પર આચારસંહિતાનો અમલ ભારે પડ્યો અને જિલ્લા પંચાયતની સામાન્ય સભા અટવાઈ જવા પામી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખે તેમના હોદ્દા પરથી ઓક્ટો. માસમાં રાજીનામુ આપી દીધુ હતુ. આ પત્ર મળ્યા પછી તેને એક માસમાં સામાન્ય સભા જિલ્લા પંચાયતની બોલાવી મંજૂર કરવાની જોગવાઈ છે.

જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા આ ખાસ સામાન્ય સભા બોલાવવા અંગે નવેમ્બરના પ્રારંભમાં તારીખ ફાળવવામાં આવી પરંતુ ૩જી નવેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ આદર્શ આચાર સંહિતાના અમલીકરણનો આરંભ થઈ ગયો હતો.

આ પછી તંત્રએ આ ખાસ સામાન્ય સભા યોજવાની મંજૂરી માટે સામાન્ય સભાના મુસદ્દા સાથેની દરખાસ્ત પંચને મોકલી હતી પરંતુ પંચ પાસે પણ કામગીરીનું ભારણ વધી ગયુ હતુ અને હવે ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા પછી સામાન્ય સભા યોજવા જણાવાયુ હોવાનું જાણવા મળેલ છે.

ડિસેમ્બરની ૧૦મીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે. આ પછી જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા યોજવામાં આવશે.

જાન્યુઆરી માસમાં તાલુકા પંચાયતની મુદત પૂર્ણ થાય છે. ૧૦મી પછી સામાન્ય સભા મળશે અને રાજીનામુ મંજૂર કરાશે. આ પછી વિકાસ કમિશનરને પ્રમુખની ચૂંટણી માટે દરખાસ્ત કરાશે.

જો કે જાન્યુઆરી માસમાં પંચાયતની મુદત પૂર્ણ થઈ રહી

● અનુસંધાન પાન-૭ પર

# રવિવારની તાલિમ બંધ રાખી સોમવારે આયોજન કરવામાં આવે તેવી માંગ

## વિધાનસભાની ચૂંટણીઓ અને બીજી તરફ લગ્નસરાની મોસમમાં કર્મચારીઓની હાલત સેન્ડવીચ જેવી સર્જાઈ

ગાંધીનગર, તા. ૨૩

એક તરફ વિધાનસભાની ચૂંટણીઓ અને બીજી તરફ લગ્નસરાની મોસમમાં કર્મચારીઓની હાલત સેન્ડવીચ જેવી થઈ ગઈ છે. રવિવારે ચૂંટણીની તાલિમનું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવ્યુ છે. આ દિવસે લગ્નો બહુ હોવાથી કર્મચારીઓ અટવાયા છે. જિલ્લાના શિક્ષકોએ તો આ તાલિમ રવિવારે મોકુફ રાખવા માટે લેખિતમાં રજુઆત કરી છે. તેમણે તેમની રજુઆતમાં તાલિમ રવિવારને બદલે સોમવારે રાખવામાં આવે તેમ જણાવ્યુ છે. જો કે શનિ-રવિ દરમ્યાન પ્રથમ તબક્કાની તાલિમ હોવાથી અને આ વખતે નવા કર્મચારીઓ વધુ હોવાથી તંત્રએ હજુ કોઈ આખરી નિર્ણય લીધો નથી. તંત્રએ સ્ટાફનું રેન્ડમાઈઝેશનની કામગીરી પણ પૂર્ણ કરી લીધી છે અને હવે તાલિમ માટે પણ તાલિમ નિષ્ણાતો સાથે સમય-પત્રક આખરી કરી દેવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. બીજી તરફ ચૂટંણી વિષયક કામગીરીમાંથી મુક્તિ મેળવવા માટે તંત્રના અધિકારીઓ પર દબાણો વધી રહ્યા હોવાની વિગતો બહાર આવી રહી છે.

## આજે ગાંધીનગર ઉત્તર બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકેશ પટેલ સાથેનો સીધો સંવાદ

# સાયકલ થી સાવરણા સુધીની સંઘર્ષમય સફરમાં પણ સેવા કાર્યોથી પ્રજા સાથે સીધો સંપર્ક : મુકેશ પટેલ

## ગાંધીનગરમાં સાડા ચાર દાયકાથી આમ નાગરિકો સાથે સીધો જોડાયેલો છું.. કર્મચારીઓ માટે લાઠીઓ પણ ખાધી છે.. એક આમ આદમીના જીવનમાં થતા સંઘર્ષથી વાકેફ છું.. અનેકવિધ ધાર્મિક સંસ્થાઓ અને સેવાકામોમાં વ્યસ્ત અને મસ્ત રહુ છુ : મને વિશ્વાસ છે. મતદારો મને જંગી બહુમતીથી જીતાડશે

**આપણા ઉમેદવારને ઓળખો..**

ગાંધીનગર તા ૨૩

ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં આ વખતે ત્રિકોણીયો જંગ છે. ગાંધીનગર ઉત્તરની બેઠક પણ રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાનો મુદ્દો છે. ઉત્તરની બેઠક પર ભાજપ કોંગ્રેસ સહીત આમ આદમી પાર્ટીએ પણ મજબુત ઉમેદવારને મેદાને ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીના ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર મુકેશ પટેલ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાંવે છે કે છેલ્લા સાડા ચાર દાયકાથી નગરજનોની સાથે રહ્યો છું. સતત સંઘર્ષ કરી કર્મચારીઓ અને નગરજનો માટે અનેકવિધ સેવાકાર્યો કર્યા છે. સાયકલ પર સવાર થઈને ન્યુઝ પેપર પહોંચાડવાન કામ કર્યુ છે અહાની કીટલી પણ ચલાવી છે. એક જમાનામાં સાયકલને પેંડલ મારતા હતા હવે જાહેર જીવનની સુખાકારી માટે હાથમાં સાવરણો પકડયો છે. સાયકલથી સાવરણા સુધીની આ સફર વિશે મુકેશભાઈ જણાંવે છે કે એક આમ આદમીના જીવનમાં આવતા ચઢાવ ઉતરાવ તકલીફો તેમજ સંઘર્ષથી વાકેફ છું. શહેરીજનો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના મતદારો પણ મને હોંશે હોંશે મત આપી જંગી બહુમતીથી વિજયી બનાવશે તેવો મને પુર્ણ વિશ્વાસ છે.




આપમાં જોડાયા છો ચુંટણી લડો છો તો આપ ની લાયકાત શું છે...

આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુકેશ પટેલ જણાંવે છે કે તેઓ વર્ષોથી આમ આદમી સાથે સીધા જોડાયેલા છે. ગાંધીનગરમાં ૪૫ વર્ષથી રહેતા મુકેશભાઈ સચિવાલયમાં સેકશન ઓફિસર તરીકે નોકરીમાંથી રાજીનામુ આપી બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં સંકળાયેલા છે. જયારે હાલ ગાંધીનગર તેમજ ઉંઝા ઉમિયા માતા મંદિરના ટ્રસ્ટી પણ છે. હરિદ્વાર તેમજ સોલા મંદિરમાં પણ દાતા તરીકે સહયોગી છે. આ ઉપરાંત સચિવાલય ક્રેડીટ સોસાયટી અને કેન્ટીનમાં ડિરેકટર તરીકે રહી ચુક્યા છે. જિલ્લા કોઓપરેટીવ પ્રિન્ટીંગ પ્રેસમાં પણ એમ ડી તરીકે સેવા આપી ચુક્યા છે. કર્મચારીઓની સંસ્થાઓમાં સેવા આપી સતત જોડાયેલા રહ્યા છે. ગાંધીનગરના કર્મચારીઓને પ્લોટ ફાળવણી વેળાએ પણ લડત આપી છે. કર્મચારીઓ માટે લાઠીઓ પણ ખાધી છે અને હરહંમેશ નાગરિકોની સેવા કરવા માટે તત્પર રહુ છું.

તમે ગાંધીનગરના જાહેરજીવન માટે અત્યાર સુધી શું કામ કર્યુ ...

આ ઉપરાંત તેમણે ગાંધીનગરના જાહેરજીવનમાં પણ અત્યાર સુધી સતત સક્રીય રહી સેવાકીય પ્રવૃતિઓ થકી આમ નાગરિકોને ઉપયોગી થવાનુ કામ કર્યુ છે.સાયકલ પર પેપર નાંખવાનુ કામ પણ કર્યુ છે.અહાની કીટલી પણ ચલાવી છે. પહેલેથી જ સંઘર્ષ કરી નગરજનો અને કર્મચારીઓ સાથે સતત જોડાયેલા રહેવાનુ કામ કર્યુ છે. કોરોનાના કપરા કાળમાં તેમણે જરૂરિયાતમંદોને ૫ હજારથી વધુ કરિયાણાની કીટનુ વિતરણ કર્યુ હતુ એટલુ જ નહી પરંતુ કોરોનાના સમયમાં સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ હતી ત્યારે પણ તેઓએ સેવાકીય પ્રવૃતિ ચાલુ રાખી હતી. દરરોજ ૨ હજાર શ્રમિકોને ઝુંપડામાં સવારે અને સાંજ ભોજન સેવા પુરી પાડી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય ભાજપમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ કોંગ્રેસમાં આજે વધુ એક ઝટકો લાગ્યો છે. બહિયલ જિલ્લા પંચાયત બેઠકના પૂર્વ સદસ્ય વિક્રમસિંહ સોલંકી તેમના સમર્થકો સાથે પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાઈ ગયા છે.

હજુ ગઈકાલે જ કામિનીબા રાઠોડ અને તેમના સમર્થકો ભાજપમાં જોડાયા હતા. આજે બીજે દિવસે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને તેમના સાથીઓ ભાજપમાં જોડાયા છે.

જો કે કોંગ્રેસમાંથી ટપોટપ પડી રહેલા રાજીનામાઓને લઈ કોંગ્રેસના આગેવાનોએ મૌન સેવી લીધુ છે. દહેગામ બેઠક પર કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાઈ રહ્યા હોવાથી ભાજપે તેના પ્રચાર અભિયાનને પણ આક્રમક બનાવ્યુ છે.

# મોરબી દુર્ઘટનાના આરોપીઓની જામીન અરજી ફગાવી દીધી

## મોરબી ઝૂલતા પૂલ દુર્ઘટના મામલો : આ દુર્ઘટનાના દિવસે એટલે કે ૩૦ ઓક્ટોબરે ૩૧૬૫ ટિકિટ આપી દેવમાં આવી હોવાના ખુલાશા થયા હતા

મોરબી, તા.૨૩

મોરબી ઝૂલતા પૂલ દુર્ઘટનાએ ૧૩૫ લોકોનો ભોગ લીધો હતો. જે કરુણ ઘટનાને લઈને વિશ્વભરમાં હાહાકાર મચી ગયો હતો.

ત્યારબાદ પોલીસ ફરિયાદ ઉઠતાં આ પુલનું રખરખાવની જવાબદારી સાંભળતી ઓરેવા કંપનીની ગંભીર બેદરકારી સામે આવતા મેનેજર સહીત ૯ આરોપીઓને પોલીસે ઝડપી લિધા હતા. જેમાં જેલ હવાલે રહેલા ૮ આરોપીઓની જમીન અરજી કરી હતી. તેમાં કેસની ગંભીરતાને ધ્યાને લઈને મોરબી ડિસ્ટ્રીક્ટ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. હવે ૯માં આરોપીની જામીન અરજી મુદ્દે આવતીકાલે સુનાવણી કરવામાં આવશે.

ગઈકાલે મોરબીની સ્થાનિક કોર્ટમાં રજૂ કરાયેલા એફએસએલ રિપોર્ટમાં મોટા ધડાકા થયા હતા. જેમાં આ બ્રિજનું સંચાલન કરતી કંપની સકંજામાં આવી હોય અને ઝૂલતા પુલના કેબલ અને બોલ્ટ કટાઈ ગયેલા અને બોલ્ટ ઢીલા થઈ ગયા હોવાનું ઉપરાંત સીકયુરીટી ગાર્ડને કોઈ ટ્રેનિંગ આપવમાં આવી ન હોવાનું તેમજ આ દુર્ઘટનાના દિવસે એટલે કે ૩૦ ઓક્ટોબરે ૩૧૬૫ ટિકિટ આપી દેવમાં આવી હોવાના ખુલાશા થયા હતા.

મોરબી હોનારતમાં પોલીસ દ્વારા ૯ આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે આ મામલે ૯ માંથી આઠ આરોપીઓની જામીન અરજી પર સુનાવણી કરવામાં આવી હતી આ વેળાએ FSL નો સ્થાનિક કોર્ટમાં રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન કોર્ટ સમક્ષ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે બ્રિજનું સંચાલન કરતી ઓરેવા કંપનીએ રૂપિયાની લહાઈમાં દુર્ઘટનાના દિવસે આડેધડ ૩૧૬૫ ટિકિટો આપી દીધી હતી.

ફરિયાદ પક્ષે ઓરેવાના મેનેજર દીપક પારેખની જામીન અરજીનો વિરોધ કરી જણાવ્યું હતું કે જે કંપની સાથે સમારકામનું કામ પેટા કોન્ટ્રેક્ટ દેવ પ્રકાશ સોલ્યુશન્સ દ્વારા કરવામાં આવ્યું હતું તે આ કામના અનુભવી નથી. વધુમાં કોર્ટમાં વકીલે દલીલ કરતા કહ્યું હતું કે ઓરેવા કંપનીના એક મેનેજર તરીકે ૧૦૦ ટિકિટ વેચાયા બાદ લોકોની એન્ટ્રી રોકી દેવાની તેમની ફરજ હતી. તેમ કહ્યું હતું.

# શહેરના સર્કલો કંગાળ હાલતમાં નોટીસ છતાં કોઈ અસર નહીં

## સર્કલોની જવાબદારી નિભાવતી સંસ્થાઓને તંત્રએ નોટીસ આપી પરંતુ કોરોના કાળથી આકર્ષણ ગુમાવતા સર્કલોની રોનક નિખરી નથી : શહેરની આગવી ઓળખ સમા સર્કલોને સ્માર્ટ લુક આપવા માંગ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. કોરોના કાળમાં પણ સર્કલોની કોઈ દરકાર લેવામાં આવી નથી જયારે ગત જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્ર જાગૃત થયુ હતુ પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા સર્કલોની જાળવણીનો મુદ્દો પણ અધ્ધરતાલ રહ્યો હતો. શહેરના સર્કલોની નિભાવણી કરવા માટેની જવાબદારી પણ સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવી છે. જયારે આ મામલે તંત્ર દ્વારા સંસ્થાઓને નોટીસ પણ આપવામાં આવી છે. જો કે હજુ સુધી સર્કલોની દશામાં કોઈ ખાસ સુધાર આવ્યો નથી ત્યારે બીજીતરફ સર્કલોની નગરી તરીકે ઓળખાતા નગરમાં માર્ગ વચાળે સ્થિત સર્કલોને પણ નવા થીમ આધારિત વિકસાવી સ્માર્ટ લુક આપવામાં આવે તેવી પણ લાગણી પ્રબળ બની છે.

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો પરના સર્કલો નગરની આગવી ઓળખ ગણવામાં આવે છે. શહેર સર્કલોની નગરી તરીકે પણ પહેચાન ધરાવે છે. દોઢ દાયકા અગાઉ શહેરના સર્કલોને નવેસરથી વિકસાવામાં આવ્યા હતા. નગરના માર્ગો તેમજ સર્કલોન નવા નામાભિધાનના અંતે વિવિધ થીમ પર સર્કલોને વિકસાવામાં આવ્યા હતા. જયારે આ સર્કલોની નિભાવણીની જવાબદારી પાટનગર યોજના વિભાગ દ્વારા વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. વર્ષો પુર્વે સર્કલો વચાળે હરિયાળી લોન જોવા મળતી હતી જયારે ચ-૫ નુ સર્કલ ફુવારાવાળુ સર્કલ પણ સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ જો કે સમય જતા વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને નવા થીમ સાથે વિકસાવામાં આવતા શહેરમાં સર્કલોની રોનક નિખરી હતી જયારે તંત્ર દ્વારા સર્કલોને વિકસવાની સાથે તેની જાળવણીની જવાબદારી પણ સંબંધિત સંસ્થાઓને આપવામાં આવી હતી જો કે પ્રારંભિક દાયકા દરમિયાન સંસ્થાઓ પણ આ જવાબદારી સારી રીતે સંભાળતા સર્કલોની રોનક યથવાત જોવા મળતી હતી પરંતુ આજે સર્કલો આકર્ષણ ગુમાવી રહ્યા છે. સર્કલોની ફરતે રેલીંગમાં પણ ઘણાં ઠેકાણે ગાબડા જોવા મળે છે. સર્કલોમાં હરિયાળીને પણ સુકારો લાગતા સફાઈના અભાવે ગંદકી પ્રવર્તે છે. કોર્પોરશન અસ્તિત્વમાં આવ્યા બાદ સર્કલોની જવાબદારી હજુ માર્ગ મકાન વિભાગ હસ્તક છે. અલબત્ત શહેરના સેકટરોના આંતરિક માર્ગોની

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com